# રેલવે સર્વિસ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ

ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ મુખ્યત્વે ભારતીય રેલવેના રોલિંગ સ્ટોકની ડિઝાઇન, ઉત્પાદન, પરિનિયોજન અને જાળવણી માટે જવાબદાર છે. રેલવેમાં ઉપયોગ થાય છે એ તમામ એન્જિન અને ગાડીઓને રોલિંગ સ્ટોક તરીકે સંબોધવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો
- તમને તમામ પ્રકારની યાંત્રિક વસ્તુઓની મરામત કરવામાં આનંદ આવે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંબંધિત વિષમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦* જેટલું હોય છે.

સ્રોતઃ https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ મિકેનિકલ એન્જિનિયર → ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર → સિનિયર મિકેનિકલ એન્જિનિયર → ડિવિઝનલ રેલવે મેનેજર → ચીફ મિકેનિકલ એન્જિનિયર (પ્લાનિંગ) → ચીફ મિકેનિકલ એન્જિનિયર → જનરલ મેનેજર → વધારાના સભ્ય (મિકેનિકલ એન્જિનિયરીંગ) → સભ્ય (મિકેનિકલ) → ચેરમેન (રેલવે બોર્ડ)

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. ડીડીયુ, નડિયાદ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૪. જામિયા મિલિયા ઇસ્લામિયા
૫. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, ગાંધીનગર
૬. એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદ
૭. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, ગોધરા
૮. આઈ.આઈ.ટી., દિલ્હી
૯. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સેપ્ટ (સીઈપીટી), અમદાવાદ
૨. વેલ્લોર ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી
૩. એસ.આર.એમ. યુનિવર્સિટી ચેન્નાઈ
૪. દયાનંદ સાગર કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગ્લોર
૫. આર.વી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગલોર
૬. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. ડીએઆઈઆઈસીટી, ગાંધીનગર
૮. બી.એમ.એસ. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગ્લોર
૯. ભારતી વિદ્યાપીઠ, ડીમ્ડ યુનિવર્સિટી કોલેજ ઓફ એન્જિનિયરીંગ, પુણે
૧૦. સત્યભામા ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, તમિલનાડુ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

યુ.પી.એસ.સી., સિવિલ સર્વિસ, ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ એક્ઝામ

## સાફલ્ય ગાથા

**અનુપમ શર્મા,** પૂર્વ મધ્ય રેલવે (ઈ.સી.આર.)ના જનરલ મેનેજર છે. ઈન્ડિયન રેલવે સર્વિસ ઑફ મિકેનિકલ એન્જિનિયર્સ (આઈ.આર.એસ.એમ.ઈ.)ના અધિકારી શ્રી શર્મા, ૧૯૮૨માં ભારતીય રેલવેમાં એક વિશેષ શ્રેણીના એપ્રેન્ટિસ તરીકે ભારતીય રેલવેમાં જોડાયા હતા. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી ફાઇનાન્સિયલ મેનેજમેન્ટમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી, પબ્લિક મેનેજમેન્ટ એન્ડ પોલિસીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રાપ્ત કરેલ છે. (પી.જી.ડી.-પી.એમ.પી.) અને મિલાન, ઇટાલી ખાતે બોકોની યુનિવર્સિટી અને પિટ્સબર્ગ, યુ.એસ.એ. ખાતે કાર્નેગી મેલોન યુનિવર્સિટીમાં નેતૃત્વ અભ્યાસક્રમોમાં ભાગ લીધેલો છે.*

સ્રોત: http://bit.ly/3WN3qqo

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ